પત્રિકા ૧૫૦

# ચિરાગે હિદાયત

૧૬/૦૩/૧૮ ૨૭ જ.આખર

## આ અઠવાડિયાની મુનાસેબત

૧ રજબ – વિલાદતે ઈમામ મોહમ્મદ બાકિર(સ.અ.)

૩ રજબ – શહાદતે ઈમામ અલીનકી(અ.સ.)

## હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)

હઝરત મોહમ્મદ બાકિર(અ.સ.) આપણા પાંચમાં ઈમામ એ હસ્તી છે કે જેમના ફઝાએલ માટે એ પૂરતું છે કે આપની માતા ઈમામ હસન(અ.સ.)ના દીકરી જનાબે ફાતેમા(સ.અ.) છે અને પિતા ઈમામ હુસૈન(અ.સ.)ના દિકરા ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.) છે. આપ(અ.સ.) કરબલાના બનાવ સમયે મૌજૂદ હતા.

જયારે આપના પિતાની શહાદત થઈ અને આપ ઈમામત ઉપર ફાએઝ થયા ત્યારે બની ઉમય્યાની હુકુમતની પડતી શરૂ થઈ ચૂકી હતી અને આ તકનો લાભ લઈ ઈમામ(અ.સ.)એ હજારો અને લાખો લોકોની ઈલ્મની તરસને બુજાવી હતી અને તેથી જ આપનો લકબ ‘બાકિર’ મશહુર થયો. આપ(અ.સ.)ના વિધાર્થીઓમાં શિયા આલીમો ઉપરાંત એહલે સુન્નતના મોઅતબર આલીમો જેમ કે અબુ હનીફા પણ આપ(અ.સ.)થી ઈલ્મ હાંસિલ કરતા હતા.

તેમના ઘણા સહાબીઓ અને શાગીર્દોમાં જેમ કે ઝોરારા ઈબ્ને આઅયન, મોહમ્મદ બિન મુસ્લીમ અને અબુ બસીર મશહુર છે. આવો આપણે તેમના સહાબી ઝોરારા બિન આઅયનના બારામાં જાણીએ.

* *જનાબે ઝોરારા ઈબ્ને આઅયન :*

જનાબે ઝોરારા ઈબ્ને આઅયન ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ના શાગીર્દ તેમજ આપ(અ.સ.)ના અને ઈમામ જાફર સાદિક(અ.સ.)ના બુઝુર્ગ સહાબીઓમાંથી હતા. આપનું નામ ‘અબ્દો રબ’ અને લકબ ‘ઝોરારા’ છે. જનાબે ઝોરારાની વિલાદત ૭૦ હિ.સ. અને વફાત ૧૫૦ હિ.સ.માં કુફામાં થઈ.

જનાબે ઝોરારા મોટા બુઝુર્ગ મરતબો ધરાવનાર શિયા આલીમ હતા. તેઓએ ઈલ્મે કલામ, ઈલ્મે ફિકહ અને ઈલ્મે હદીસ બાબતે ઘણી બધી કિતાબો લખી છે.

હમરાન, બુકૈર, અબ્દુલ મલિક અને અબ્દુર રહેમાન તેમના ભાઈઓ હતા. દરેક આયનના પુત્રો હતા અને દરેક રાહે રાસ્ત પર હતા તેમજ પાક્કા શિયા હતા.

જનાબે ઝોરારાનો શુમાર અસહાબે ઈજમામાં થાય છે. ઈમામ જાફર સાદિક(અ.સ.)એ તેમને જન્નતની બશારત આપી છે. તેમનો શુમાર મુખ્બેતીન, અવતાદુલ અર્ઝ અને અસ્સાબેકુનસ્સાબેકુન જેવા લોકોમાં થાય છે. એટલે કે આ જ તે લોકો છે જેઓએ પરચમે તૌહીદને બુલંદ કરવામાં ઘણી કુરબાની આપી અને તેઓ અઈમ્માએ અત્હાર(અ.મુ.સ.)ના ઈતાઅત ગુઝારોમાંથી છે.

જનાબે ઝોરારા પાસેથી ૨૦૦૦થી પણ વધારે હદીસો નકલ થઈ છે અને જેમાં ૧૨૦૦ હદીસ સીધી ઈમામ(અ.સ.) પાસેથી નકલ કરી છે. આમ તો જનાબે ઝોરારાએ ઘણી બધી કિતાબો લખી છે જેમાંથી આપની મશહુર કિતાબ 'અલ ઈસ્તતાઅતો વલ જબ્ર વલ ઓહુદ' છે.

ઈમામ જાફર સાદિક(અ.સ.) ફરમાવે છે કે ''અગર ઝોરારા ન હોત તો મારા પીદર બુઝુર્ગવારોની હદીસ ખત્મ થઈ ચુકી હોતે.''

એક શખ્સ ઈમામ જાફર સાદિક(અ.સ.)ની ખિદમતમાં આવ્યો અને કહ્યું ''અય મૌલા! હું બહુજ દૂર રહું છું. મસાએલને કોની પાસેથી જાણું?'' ઈમામ(અ.સ.)એ જનાબે ઝોરારાની તરફ ઈશારો કર્યો અને કહ્યું કે ''તેમને પૂછી લેજો.''

જનાબે ઝોરારાના ફરઝંદ અબ્દુલ્લાહ ઈમામ જાફર સાદિક(અ.સ.)થી નકલ કરે છે કે ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''અય અબ્દુલ્લાહ! તમે તમારા વાલિદને મારા સલામ કહેજો અને તેમને કહેજો કે તેમના બારામાં હું જે કહું છું તે તેમની જાનની હિફાઝત માટે છે. તે માટે કે મને દુશ્મનોથી આ વાતનો ડર છે કે લોકો તમને તકલીફ ન આપે અને તે વાતનો ખૌફ છે કે તમને કત્લ ન કરી દે. તે માટે કે એહલેબૈતના દુશ્મન એહલેબૈતના ચાહવાવાળાઓને આરામમાં જોવા નથી માંગતા. ખુદાની કસમ! ઝોરારા મારા અને મારા વાલિદના બહેતરીન સહાબી છે.''

ઈમામ મુસા કાઝિમ(અ.સ.)એ ફરમાવ્યું કે કયામતના દિવસે એક મુનાદી અવાજ આપશે કે ''હવારીયુને મોહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ (હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના સાથીઓ) ક્યાં છે કે જે લોકોએ પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)ની ઈતાઅત અને પૈરવી કરી તથા પોતાના વાયદાને તોડ્યો નહીં?'' તો તે સમયે જનાબે સલમાન, જનાબે અબુઝર અને જનાબે મિકદાદ ઊભા થશે. પછી ફરીથી અવાજ આવશે કે ''ક્યાં છે હઝરત અલી ઈબ્ને અબીતાલીબ(અ.સ.) વસીએ રસૂલેખુદા(સ.અ.વ.)ના હવારીયુન?'' તો તે સમયે જનાબે અમ્ર બિન હમકે ખઝાઈ, જનાબે મોહમ્મદ બિન અબીબક્ર, જનાબે મીસમે તમ્માર અને જનાબે ઓવૈસે કરની ઊભા થઈ જશે. પછી ફરીથી અવાજ આવશે કે ''ક્યાં છે હવારીયુને મોહમ્મદ ઈબ્ને અલી(અ.સ.) અને જાફર ઈબ્ને મોહમ્મદ(અ.સ.)?'' તો તે સમયે જનાબે

અબ્દુલ્લાહ ઈબ્ને શરીકે આમરી, જનાબ ઝોરારા ઈબ્ને આઅયન, જનાબે બુરૈદ બિન મોઆવિયાએ અજલી, જનાબે મોહમ્મદ બિન મુસ્લીમે અબુ બશીર, જનાબે અબ્દુલ્લાહ બિન આમર, જનાબે આમીર બિન અબ્દુલ્લાહ અને જનાબે હમરાન આઅયન ઊભા થઈ જશે.

આપણે દુઆ કરીએ કે અલ્લાહ તઆલા આપણને પણ એવી તૌફીક આપે અને ખુશનસીબ બનાવે કે આપણો શુમાર આપણા ઝમાનાના ઈમામ(અ.સ.)ના દોસ્તોમાં થાય.

# હઝરત ઈમામ અલીનકી(અ.સ.)

આજ આપણે એક બીજી મુનાસેબતના બારામાં જાણીશું જે આપણા દસમાં ઈમામ હઝરત અલીય્યુન નકી(અ.સ.) છે. જે આપણા ઝમાનાના ઈમામ(અ.સ.)ના દાદા છે કે જેમની ઉપર ખલીફાઓએ ઝુલ્મો સિતમ કરવામાં કંઈ બાકી રાખ્યું ન હતું અને છેવટે તેમને ઝેર આપી દીધું જેથી આપ(અ.સ.)ની શહાદત વાકેઅ થઈ.

દરેક ઈમામ(અ.સ.)ની જિંદગીને જોવામાં આવે તો કિતાબો ગવાહ છે કે ગમે તેવી મુસીબત હોય ઝુલ્મો ઝોરનો ઝમાનો હોય ઈમામ(અ.સ.)એ હંમેશા તબ્લીગનું કામ ચાલુ રાખ્યું તેમણે કયારેય પણ ઝમાનાની પરવાહ નથી કરી અને હંમેશા ઈલ્મને ફેલાવતા રહ્યા. આવો આપણે આ ઈમામ(અ.સ.)ના એક ફસીહ અને બલીગ ખુત્બાનો ભાગ જોઈએ જે આપણા તૌહીદના અકીદાને મજબુત કરે છે.

* *ઈમામ(અ.સ.)નો ખુત્બો :*

ફત્હ ઈબ્ને ખાકાનનું બયાન છે કે એક દિવસ મેં ઈમામ(અ.સ.)ની ખિદમતમાં હાજર થઈને અરજ કરી કે ''કંઈક બયાન ફરમાવો.'' આથી ઈમામ(અ.સ.)એ એક ખુત્બો ઈરશાદ ફરમાવ્યો.

''ખુદાવંદે આલમ દરેક અવાજને સાંભળનારો અને દરેક વસ્તુને જોવાવાળો છે. તે આસમાન અને જમીનમાં એકલો છે. ન તો તેનો કોઈ ભાગીદાર છે ન તો કોઈની સાથે જોડાયેલો છે કે ન તો કોઈ વસ્તુથી તે નજીક છે કે ન દૂર છે. એજ બધાની ઈચ્છાઓને પૂર્ણ કરનાર છે. ન તો કોઈએ તેને પૈદા કર્યો છે ન તો તેણે કોઈને જન્મ આપ્યો છે. તેના જેવો કે તેનો બરોબરીયો કોઈ પણ વખતે દુનિયામાં શકય જ નથી.''

ફત્હનું બયાન છે કે મેં ઈમામ(અ.સ.)ને પૂછયું કે ''ખુદા એક અને તેના જેવો બીજો કોઈ નથી, એ બંને બાબતો ઈન્સાનમાં પણ શકય છે, તે પણ પોતાની ઝાતથી એકલો જ છે ને?''

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું "તમે સમજયા નથી ઈન્સાનની વહેદત અલગ છે અને ખુદાની વહેદત અલગ છે. માણસ અવયવો (શરીર) અને રૂહ ધરાવે છે તેના કારણે તેના પર વહેદતનો ઉપયોગ શકય નથી. એ તો સવારીવાળી વસ્તુ છે. જયાં સુધી દરેક દ્રષ્ટિકોણથી એકલો ન હોય ત્યાં સુધી વાસ્તવિક વહેદત મેળવી શકાતી નથી. માણસ તો વિવિધ પ્રકારના અને બેશુમાર અવયવોના સંગ્રહથી બનેલો છે. જેમ કે માંસ, લોહી, નળીઓ, સ્નાયુઓ, હાડકા, બાલ જેમાં કોઈ સફેદ છે, કોઈ લાલ, કોઈ કાળી. આવી પરિસ્થિતિમાં વહેદત કઈ રીતે શકય છે? અલબત્ત ખુદાની ઝાત દરેક રીતે વાહીદ છે કારણ કે આ વિવિધ વસ્તુઓથી સંભાવના જ નથી." આ સાંભળીને ફત્હને સંતોષ થઈ ગયો.

તેણે ઈમામ(અ.સ.)ને કહ્યું કે "અલ્લાહ લતીફ (નાજુક) અને ખબીર (ખબર રાખનાર) છે. તેના વિશે પણ મને બયાન ફરમાવો."

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું "હું અલ્લાહને લતીફ એટલા માટે કહું છું કે અલ્લાહે નાજુકમાં નાજુક મખ્લૂકાતને પૈદા કરીને પોતાની કારીગરીની નાજુકતાની સાબિતી આપી છે. જુઓ તો ખરા કેવું નાજુકમાં નાજુક ઘાસ બનાવ્યું છે, કેવા નાજુક ફુલ બનાવ્યા છે, પાંદડામાં કેવી નાજુક નસો છે. શું આ એની કમાલની દલીલ નથી? એવી જ રીતે માનવીની રૂહ પણ અત્યંત નાજુક છે. નાની-નાની ચકલીઓ અને પક્ષીઓને જુઓ તેઓ પોતાનું રિઝ્ક કેવી રીતે પ્રાપ્ત કરે છે તેનો વિચાર કરો. ખુદાએ નાની-નાની આવી કેટલી મખ્લૂકને પૈદા કરી છે કે માણસ એ પણ બતાવી શકતો નથી કે તેમાં નર કોણ છે અને માદા કોણ છે, બચ્ચું છે કે યુવાન, માં છે કે બાપ, વળી તેઓના કાર્યોને જુઓ. તેઓ સંભોગ પણ કરે છે, દુશ્મનોથી જીવ પણ બચાવે છે, ખોરાકનો ઈન્તેઝામ અને સંગ્રહ પણ કરે છે, તેઓની વિવિધ બોલીઓ સાંભળો, તેમની હરકતો ઉપર નજર કરો, તેમના જુદા-જુદા પ્રકારના રંગ જુઓ, તેમના નાના-નાના અવયવો જુઓ, તેમની બનાવટ જુઓ. શું આ બધી વસ્તુઓ તે વાતની દલીલો કરતી નથી કે તેમણે બનાવનાર અમર્યાદિત નાજુક અને ખબર રાખનારો છે." ફત્હ ઈબ્ને ખાકાન આ સાંભળીને અત્યંત ખુશ થઈ ગયા.

અઝીઝો! આવો અલ્લાહ પાસે દુઆ કરીએ કે ઈમામ(અ.સ.)નો ઝહુર જલ્દી થાય અને આપણને પણ તેમના ઝહુરનો ઝમાનો નસીબ થાય તેમજ આપણે પણ તેમના ઈલ્મથી ફાએઝ થઈએ.

---

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com